૪ શાને આ રંગ જુદા-જુદા ?

શ્રીકાંત વલ્લભદાસ શાહ

શ્રીકાંત વલ્લભદાસ શાહ : તેમનો જન્મ જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામે થયો હતો. નિવૃત્ત અધ્યાપક હોવા છતાં તેમણે નાટકો, એકાંકીઓ, કવિતા, નવલકથા વગેરે ક્ષેત્રે સારું એવું યોગદાન આપ્યું છે. ગુજરાત સાહિત્ય પરિષદ, ગુજરાત રાજ્ય સરકાર અને ગુજરાત સાહિત્ય અકાદમીએ તેમને અનેક પારિતોષિક આપ્યાં છે. 'નિરંજન સરકાર' તેમનું તખલ્લુસ છે.

પ્રસ્તુત કૃતિમાં કવિએ કુદરતના વિવિધ રંગોની છટાને સુંદર રીતે વ્યક્ત કરી છે. ધરતી, ફૂલો, પંખીઓ વગેરેની વિવિધ રંગછટાઓને રંગનારો ઈશ્વર કેવો રંગીલો છે તેની વાત કરી છે. દુનિયાને રંગબેરંગી બનાવનાર રંગારો અર્થાત્ ઈશ્વર એવો અદ્‌ભુત છે કે જેણે સમગ્ર સૃષ્ટિને આકર્ષક બનાવી છે.

શાને આ રંગ જુદા જુદા ?
નિત નિત ખીલતાં ફૂલડાં નવરંગી,
પેલી ધરતીના રંગ જુદા જુદા !
શાને આ રંગ જુદા જુદા ?

કોયલનો રંગ કાળો, કંઠ છે સોહામણો !
પેલા મોરલાના રંગ જુદા જુદા !
શાને આ રંગ જુદા જુદા ?

ચાંદાનો રંગ જુદો, સૂરજનો રંગ જુદો !
પેલા આભલામાં રંગ જુદા જુદા !
શાને આ રંગ જુદા જુદા ?

દુનિયાને રંગનારો કેવો રંગીલો !
જેણે ઢોળ્યા છે રંગ જુદા જુદા !
શાને આ રંગ જુદા જુદા ?



માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિ સમજાવતાં પહેલાં કુદરતનાં વિવિધ તત્વોની સુંદરતાની માહિતી આપી શકાય. વહેલી પરોઢે મંદિરમાં થતાં ઘંટારવના કે પછી સમી સાંજના દરિયા કિનારાના દશ્યને નિહાળ્યા પછી તેના વિશેની નોંધ કરવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી, જેથી બાળકોની મૌલિક સર્જનશક્તિને ખીલવાની પૂરેપૂરી તક મળે.

સ્વાધ્યાય



સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) દરરોજ (૨) પૃથ્વી (૩) શોભાયમાન (૪) આકાશ
(૫) મયુર (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ગળું

સ. ૨ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો. દા. ત. : દિવસ – રાત

(૧) ખીલવું (૨) ધરતી (૩) કાળો (૪) સોહામણો

સ. ૩ મેઘધનુષમાં સમાયેલા વિવિધ રંગોને તેના યોગ્ય ક્રમમાં લખો.

સ. ૪ કોણ શું કરે ?

(૧) રંગારો (૨) કઠિયારો (૩) મણિયારો
(૪) કંસારો (૫) કાછિયો (૬) સલાટ

સ. ૫ સમજીને લખો.

(૧) કવિને દેખાતી રંગની જુદાઈ – (૨) કોયલની વિશેષતા –
(૩) ચાંદા-સૂરજના રંગમાં તફાવત – (૪) દુનિયાને રંગનારો –

સ. ૬ યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો.

(૧) નિત નિત ખીલતાં ફૂલડાં ________
(અ) પચરંગી છે. (આ) નવરંગી છે. (ઈ) સપ્તરંગી છે.

(૨) કોયલનો રંગ કાળો અને કંઠ ________
(અ) સોહામણો છે. (આ) ડરામણો છે. (ઈ) રળિયામણો છે.

(૩) આ કાવ્યમાં વર્ણવાયેલી કલાત્મકતાના સર્જક ________ છે.
(અ) ચિત્રકાર (આ) શિલ્પકાર (ઈ) ઈશ્વર

સ. ૭ કુદરતની વિવિધતાને તમારા શબ્દોમાં વર્ણવો.

★ ''જો મને પાંખ હોય તો ?'' વિષય ઉપર તમારા વિચારો વર્ગ સમક્ષ રજૂ કરો.

સ. ૮ કૌંસમાં આપેલા વિશેષણને યોગ્ય સ્થાને મૂકો.

(પચરંગી, તિરંગો, નવરંગી, સપ્તરંગી, રંગબેરંગી, રંગહીન)

(૧) ________ ઝંડો (૨) ________ મેઘધનુષ
(૩) ________ પાઘડી (૪) ________ ચૂંદડી
(૫) ________ ફૂલડાં (૬) ________ પાણી

સ. ૯ વચન બદલો.

(૧) રંગ (૨) ફૂલડાં (૩) મોરલો (૪) પક્ષી

સ. ૧૦ નીચેનાં વાક્યોનું બહુવચનમાં રૂપાંતર કરો.

(૧) કોયલનું ગીત સાંભળવું ગમે છે.

(૨) રંગબેરંગી પતંગિયું પકડવાની બહુ મજા આવે.

(૩) ફૂલથી બગીચો શોભે છે.

(૪) મોરલો સુંદર કળા કરીને નાચે છે.

(૫) ચણ ચણતાં પક્ષીથી આંગણું શોભે છે.

પ્રકલ્પ

★ તમને ગમે તેવું કુદરતી દશ્ય દોરી તેમાં મનગમતા રંગો પૂરી વર્ગમાં લગાડો.

લેખન કૌશલ્ય

નિબંધ લેખન

નિબંધ લખતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા

★ વિષયને અનુરૂપ મુદ્દાની નોંધ કર્યા પછી તેની ક્રમાનુસાર માંડણી કરવી.

★ દરેક મુદ્દા વિશે ફકરા પાડીને લખો. વાક્યો સરળ ભાષામાં અને ટૂંકમાં લખો.

★ વિષયને અનુરૂપ રૂઢિપ્રયોગ કે કહેવતોનો ઉપયોગ તમારા નિબંધને આકર્ષક બનાવશે.

★ શરૂઆતમાં ભૂમિકા, વચ્ચે વિષય અને છેલ્લે ઉપસંહાર એ રીતે ફકરા પાડવા.

મારો પ્રિય તહેવાર

જીવનની રોજિંદી ઘટમાળથી કંટાળેલો માનવી ઉત્સવ આવે ત્યારે ઉત્સાહિત થઈ જાય છે. શુષ્ક જીવન જીવંત બને છે. ઉત્સવ એટલે જ તહેવાર. તહેવારોમાં, તેની વિવિધતામાં આપણા દેશની એકતાનાં દર્શન થાય છે. મારો સૌથી પ્રિય તહેવાર એટલે ઉતરાણ. ઉતરાણને ધાર્મિક અને સામાજિક ઉત્સવ કહી શકાય.

દર વર્ષે ઉતરાણ ૧૪મી જાન્યુઆરીએ આવે છે. તેનું બીજું નામ 'મકરસંક્રાંતિ' છે. વળી તે 'ઉત્તરાયણ' તરીકે પણ ઓળખાય છે.

આ તહેવારની સૌથી વધુ મજા તો મકાનોના ધાબા કે છાપરાં પર જ હોય છે. છેક વહેલી સવારથી જ નાનાં-મોટાં સૌ પતંગ ચગાવવાની મજા માણે છે. આખું આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. એટલું જ નહિ પરંતુ પતંગ ચગાવવાની સાથે-સાથે પેચ લડાવવાની પણ મજા આવે છે. 'કાપ્યો છે... કાપ્યો છે' ના નારાથી વાતાવરણ ગુંજી ઊઠે છે. સાથે જ તલની ચીકી, બોર, શેરડી વગેરે ખાતા જાય છે અને મજા લૂંટતા જાય છે. રાતે પતંગની સાથે તુક્કલ ચગાવાય છે. તુક્કલને કાપવાની મજા પણ કંઈ ઓર જ છે. વળી કપાયેલા પતંગોને લૂંટવાની મજાનો આનંદ જ અનેરો છે.

ઈન્ટરનેશનલ 'કાઈટ ફેસ્ટિવલ'નું આયોજન પણ થતું હોય છે. જેમાં દેશવિદેશમાંથી પતંગ રસિયા ખેલાડીઓ ભાગ લેવા આવે છે.

આનંદ અને ઉત્સાહના અતિરેકથી ઉજવાતો આ તહેવાર કેટલીક સાવચેતી પણ માંગી લે છે. ઘણી વાર ધાબેથી પડી જવાના, રસ્તા પરના અકસ્માત જેવી દુર્ઘટનાઓ પણ બને છે. વળી પતંગના માંજાથી આકાશમાં ઊડતાં નિર્દોષ પંખીઓ પણ ઘવાઈને મૃત્યુ પામે છે. આ બાબતે અત્યંત સાવધાની રાખવી જરૂરી છે.

આપણો આ ભારતીય ઉત્સવ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ પામ્યો છે. તે આપણા માટે ગૌરવની બાબત ગણાય.

3VTRIN

કુદરતના સાંનિધ્યમાં મળતી શાંતિ દુર્લભ છે.